सत्यमेव जयते

# અનુસૂચિત જાતિ માટેની
# વિવિધ કલ્યાણકારી યોજનાઓ



સૌનો સાથ, સૌનો વિકાસ...

# વંચિતોને આંગણે કલ્યાણકારી યોજનાઓ ખુશીઓ લાવી અપાર...

**વંચિતોના વિકાસને વરેલી પ્રગતિશીલ રાજ્ય સરકારે સમાજનાં છેવાડાના માણસની ચિંતા કરી સામાજિક અને સામુદાયિક જવાબદારી નિભાવીને સમાજના પછાત રહી ગયેલા વર્ગોના સમગ્રતયા વિકાસને મહાત્મા ગાંધીજીના મંત્રને ખરાઅર્થમાં સાર્થક કરવા સઘન પ્રયત્ન હાથ ધર્યા છે.**

**અંતરિયાળ વિસ્તારના અદના માનવીને વિકાસના સુફળ પહોંચાડવા રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસની સાથોસાથ સામાજિક સુરક્ષાની બાબતોમાં પણ અનેકવિધ નક્કર પગલાં લઈ અનુસૂચિત જાતિઓ ઉપર થતાં અત્યાચારો અટકાવવાની દિશામાં પરિણામલક્ષી કાર્યવાહી હાથ ધરી છે. જેના પરિણામે આ વર્ગોના લોકો ગૌરવપૂર્વક જીવન જીવવા તરફ અગ્રેસર બન્યાં છે.**

**વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે રૂા.૧,૦૩૨.૪૦ કરોડની ફાળવણી કરીને સમાજના છેવાડાના જન સમુદાય માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.**

**રાજ્ય સરકારે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૭ને 'ગરીબ કલ્યાણ વર્ષ' તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે. વિકસતી જાતિઓના કલ્યાણ માટે નિગમોમાં વનટાઈમ સેટલમેન્ટ યોજના હેઠળ રૂા.૧૭૦ કરોડની રાહત આપવામાં આવી છે. જ્યારે ફક્ત મુદલની વસુલાતની બાબતમાં રાજ્યના ૨૫,૦૦૦ પરિવારોને લાભ અપાયો છે.**

**ગુજરાત સરકારે ગરીબો, દરિદ્ર નારાયણો, છેવાડાના માનવીઓને દિવાળીના તહેવારોમાં ૩૬ લાખ જેટલાં અંત્યોદય બી.પી.એલ. પરિવારોને રાહત દરે અનાજ, તેલ અને દાળ આપવાનો નિર્ણય કરીને તેમની દરકાર અને ચિંતા કરી છે.**

## શૈક્ષણિક યોજનાઓ

### પ્રિ. એસ.એસ.સી. શિષ્યવૃતિ.

ખાનગી તેમજ સરકારી શાળાઓમાં ભણતા ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓને રૂા.૫૦૦ અને વિદ્યાર્થિનીઓને ધો.૬થી ૧૦માં રૂા.૭૫૦ જયારે ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓને રૂા.૫૦૦ અને ધો. ૯થી ૧૦માં રૂા. ૭૫૦ની વાર્ષિક શિષ્યવૃતિ આપવામાં આવે છે. આવક મર્યાદાનો બાધ નથી.

### ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ

વર્ષ ૨૦૧૨-૧૩થી કેન્દ્ર પુરસ્કૃત નવી યોજના ૨૦૧૨-૧૩થી અમલમાં આવી. ધોરણ ૯ - ૧૦ના અનુ.જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિમાં, વિદ્યાર્થી આગલા ધોરણમાં પાસ હોવા જોઇએ. વાર્ષિક આવક મર્યાદા રૂા.૨.૦૦ લાખ છે. શિષ્યવૃત્તિનો દર ડેસ્કોલરને પ્રતિ માસ રૂા.૧૫૦ લેખે ૧૦ માસ સુધી અને હોસ્ટેલરને પ્રતિ માસ રૂા.૩૫૦ લેખે ૧૦ માસ સુધી આપવામાં આવે છે, જયારે એડહોક ગ્રાન્ટ (વાર્ષિક) ડેસ્કોલરને રૂા. ૭૫૦, હોસ્ટેલરને રૂા. ૧૦૦૦ આપવામાં આવે છે.

### યુ.પી.એસ.સી.ની ભરતી પરીક્ષાઓના દરેક તબક્કે પ્રોત્સાહન આપવા અંગેની નવીન સહાય યોજના

વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન પૂરું પાડવા આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય સહાય આપવામાં આવે છે. જેમાં (૧) કુમારને -પ્રિલિમ પરીક્ષા પાસ કર્યેથી રૂા.૫૦,૦૦૦ અને મેઈન પરીક્ષા પાસ કર્યેથી રૂા.૨૫,૦૦૦ (૨) કન્યાને રૂા.૩૦,૦૦૦, રૂા.૬૦,૦૦૦. ૫૦ ટકા સહાયની રકમ રીઝલ્ટ આવ્યા બાદ તુરંત અને બાકીની ૫૦ ટકા રકમ જે તે વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને ત્યાર પછીની પરીક્ષા એટલે કે મેઈન અને ઈન્ટરવ્યૂમાં હાજરી આપે પછી આપવામાં આવે છે.

### સેલ્ફ ફાયનાન્સ (ફ્રી શીપ કાર્ડ યોજના)

સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ વખતે શિક્ષણ ફી ભર્યા સિવાય સહેલાઇથી પ્રવેશ મળે તેવા ઉમદા હેતુસર "ફ્રી શીપ" કાર્ડ યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખ છે.

### પસંદ કરવામાં આવેલી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય

જાણીતી પ્રતિષ્ઠિત ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે પ્રોત્સાહિત કરવા રૂા. ૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે.

### અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના પૂર્વ એસ.એસ.સી.માં અભ્યાસ કરતાં બાળકોને મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ

અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને ભારત સરકારની સુધારેલી યોજના પ્રમાણે ધો ૧ થી ૧૦ ડેસ્કોલરના વિદ્યાર્થીઓને (પ્રતિ માસ) રૂા. ૧૧૦ના દરે ૧૦ માસ સુધી

શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તથા હોસ્ટેલર વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂા. ૭૦૦ ના દરે ૧૦ માસ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ડેસ્કોલર વિદ્યાર્થીને રૂા.૭૫૦ એડહોક ધોરણે શિષ્યવૃત્તિ તથા હોસ્ટેલર વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦ એડહોક શિષ્યવૃતિ આપવામાં આવે છે. આવક મર્યાદા નથી.

**પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ**

એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂા.૨૩૦૦ થી રૂા.૧૨૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ જુદા જુદા ગ્રૃપ પ્રમાણે આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા.૨.૫૦ લાખ છે.

**સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના**

અનુસૂચિત જાતિમાં જેઓની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦ હોય તેવા પાત્રતા ધરાવતા કુટુંબોની ધોરણ ૯માં અભ્યાસ કરતી કન્યાઓને કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી, કન્યાઓના અભ્યાસમાં સમયની બચત થાય અને પ્રોત્સાહન મળે તે ઉદ્દેશથી સાયકલ સહાય આપવામાં આવે છે.

**બે જોડી ગણવેશ માટે સહાય**

ધો ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ગણવેશ ખરીદવા માટે રૂા.૩૦૦ની સહાય આપવામાં આવે છે. તમામ વર્ગનાય વિદ્યાર્થીઓને આવક બાધ સિવાય ગણવેશ આપવામાં આવે છે.

**વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય**

ધો - ૧૧ સામાન્ય પ્રવાહમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય માટે ધો.૧૧માં રૂા.૮૦૦૦ અને ધો-૧૨માં રૂા. ૪,૦૦૦ જયારે વિજ્ઞાન પ્રવાહમાં ધો.૧૧માં રૂા.૧૫,૦૦૦ અને ધો-૧૨માં રૂા.૧૫૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા સામાન્ય પ્રવાહ માટે રૂા. ૬૦,૦૦૦ છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં આવક મર્યાદા રૂા. ૧.૫૦ લાખની છે.

**ભોજન બીલ સહાય**

કોલેજ સાથે સંકળાયેલા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને રાજય ફંડમાંથી ભોજન બિલ સહાય તરીકે દર મહિને રૂા.૧૨૦૦ વિદ્યાર્થી દીઠ ૧૦ માસ સુધી આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખ છે.

**મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમ.ફીલ અને પી.એચડી. શિષ્યવૃત્તિ યોજના**

એમ.ફીલના વિદ્યાર્થીઓને માસિક રૂા.૨૫૦૦ના દરે ૧૦ માસ સુધી અને પી.એચડી.ના વિદ્યાર્થીઓને માસિક રૂા.૩૦૦૦ ના દરે ૧૦ માસ સુધી ફેલોશીપ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખ છે.

**બુક બેંક**

મેડિકલ, એન્જિનિયરિંગ, એગ્રિકલ્ચર, વેટરીનરી, પોલીટેકનિક, લૉ, સી.એ, એમ.બી.એ, બાયોસાયન્સ વગેરે અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુસ્તકોની કિંમતના ૫ ટકા ડિપોઝીટ લઇને બે વિદ્યાર્થી દીઠ એક સેટ આપવામાં આવે છે.

**કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોન**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે આર્થિક મદદ કરવા માટે રૂા. ૨૫.૦૦ લાખની લોન ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે. આવક મર્યાદા નથી.

**ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન**

વર્ષ ૨૦૦૦થી આ યોજનાને શરૂ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક રીતે મદદરૂપ થવા રૂા. ૧૫.૦૦ લાખની લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે. આવક મર્યાદા નથી.

**મેડિકલ/એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સાધન ખરીદવા સહાય**

મેડિકલ, એન્જિનિયરિંગ, આર્કિટેક, ફાઇન આર્ટના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ માટેના સાધનો ખરીદવા સહાય આપવામાં આવે છે. જેમાં મેડિકલના વિદ્યાર્થીઓ માટે રૂા.૧૦૦૦૦, એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે રૂા.૫૦૦૦ અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓને રૂા.૩૦૦૦ સહાય આપવામાં આવે છે, આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખ છે.

**"વંદનીય સંતશ્રી વાસિયા દાદા" અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

અનુસૂચિત જાતિ પૈકીની અતિ પછાત જાતિઓની કન્યાઓને ધોરણ ૧ થી ૮માં રૂા. ૭૫૦ વાર્ષિક અને ધોરણ ૯ થી ૧૦માં રૂા. ૧૦૦૦ વાર્ષિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. આવક મર્યાદા નથી.

### "છત્રપતિ શાહુજી મહારાજ" ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને ઈનામ

ધોરણ ૧૦માં પ્રથમ ક્રમે આવનારને રૂા.૪૧,૦૦૦, બીજાક્રમે આવનારને રૂા.૨૧,૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને રૂા. ૧૧,૦૦૦ જયારે ધો-૧૨માં ચારેય પ્રવાહમાં પ્રથમ આવનારને રૂા. ૩૧,૦૦૦, બીજા ક્રમે આવનારને રૂા. ૨૧,૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને રૂા.૧૧,૦૦૦ આપવામાં આવે છે. તદ્‌ઉપરાંત જિલ્લા કક્ષાએ ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ ક્રમે આવનારને રૂા.૬,૦૦૦, બીજા ક્રમે આવનારને રૂા.૫,૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને રૂા. ૪,૦૦૦ તેમજ ઉત્તર બુનિયાદી માટે રાજય કક્ષાએ પ્રથમ ત્રણ આવનારને જિલ્લા કક્ષાની રકમ મુજબના ત્રણ ઈનામો આપવામાં આવે છે.

## શૈક્ષણિક વિકાસ માટે નિવાસી સગવડો

### સુબેદાર રામજી આંબેડકર ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ૫૭૮ છાત્રાલયો કાર્યરત છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અનુદાન ચુકવવામાં આવે છે. વિદ્યાર્થી દીઠ નિભાવ ખર્ચ માટે રૂા. ૧૫૦૦ આપવામાં આવે છે.

### ડૉ. આંબેડકર સરકારી છાત્રાલયો

ધોરણ ૧૧ – ૧૨થી અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમ માટે રહેવા-જમવાની વિના મૂલ્યે સગવડો આપવા માટે રાજય સરકાર દ્વારા કુલ ૭૪ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં કુમાર માટે ૪૫ છાત્રાલયો અને કન્યાઓ માટે ૨૯ છાત્રાલયોમાં ૪૩૮૨ વિદ્યાર્થીઓ લાભ લઇ રહયા છે, કુમારને પ્રવેશ મેળવવા માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૧.૦૦ લાખ અને કન્યાઓ માટે આવક મર્યાદા નથી.

### શ્રી જુગતરામ દવે આશ્રમશાળા

ધો ૧ થી ૮ના વિદ્યાર્થીઓને રહેવા-જમવા અને ભણવાની સગવડો એક જ કેમ્પસમાં મળી રહે તે માટે ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ૮૮ આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. હાલમાં ૧૦૩૨૫ વિદ્યાર્થીઓ લાભ લઇ રહયા છે. આશ્રમશાળાઓને સ્માર્ટ સ્કૂલ ઇ-લર્ન પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાશે.

### મામા સાહેબ ફળકે આદર્શ નિવાસી શાળાઓ

ધો ૯ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ૨૦ આદર્શ નિવાસી શાળાઓ રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં રહેવા-જમવા અને ભણવાની તમામ સવલતો વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. હાલમાં ૧૯૮૦ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

### સમરસ છાત્રાલય યોજના

અનુ.જાતિ/ જનજાતિ અને વિકસતિ જાતિના ૩૨,૦૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રહેવા-જમવા માટે અતિ આધુનિક સુવિધા ધરાવતા છાત્રાલયોના નિર્માણનો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. આ સંકલ્પને સિધ્ધ કરવા માટે પ્રાથમિક તબક્કે અમદાવાદ, ભાવનગર, વડોદરા, રાજકોટ, આણંદ અને સુરત ખાતે સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ૮૫૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

## આર્થિક ઉત્કર્ષની યોજનાઓ

**રાજ્ય સરકારે અનુસૂચિત જાતિની વ્યકિતઓ આર્થિક રીતે પગભર થઇ સમાજના અન્ય વર્ગોની હરોળમાં આવી શકે તે માટે આર્થિક ઉત્કર્ષની અનેક યોજનાઓ અમલમાં મુકી છે.**

### માનવ ગરીમા યોજના

અનુસૂચિત જાતિના લોકો કે જેઓની વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્યવિસ્તારમાં રૂા.૪૭૦૦૦ અને શહેરી વિસ્તારમા રૂા.૬૮૦૦૦ ધરાવતા હોય અને નાના ધંધા - રોજગાર કરવા ઇચ્છુક હોય તેવી વ્યક્તિઓને સ્વરોજગારીના ધંધા – રોજગાર અનુરૂપ કિટસ રૂા.૫૦૦૦ની મર્યાદામાં આપવામાં આવે છે.

### ડૉ.પી.જી.સોલંકી ડાંકટર અને વકીલ લોન/સહાય યોજના

- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય કરવા માટે રૂા.૭૦૦૦ લોન (૪ ટકા વ્યાજદરે) અને રૂા.૫૦૦૦ સહાય મળી કુલ રૂા.૧૨,૦૦૦ આપવામાં આવે છે. યોજનાની વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્યવિસ્તારમાં રૂા.૪૭૦૦૦ અને શહેરી વિસ્તારમા રૂા. ૬૮૦૦૦ છે.
- જયારે તબીબી સ્નાતકને સ્વતંત્ર દવાખાનું શરૂ કરવા માટે રૂા.૨૫,૦૦૦ સહાય અને રૂા.૨.૫૦ લાખ લોન આપવામાં આવે છે. જેમા વાર્ષિક આવકમર્યાદા રૂા.૫૦,૦૦૦ છે.

- તબીબી અનુસ્નાતકોને સર્જીકલ નર્સિંગ હોમ ખોલવા માટે રૂા.૫૦,૦૦૦ સહાય અને રૂા.૩.૦૦ લાખ લોન આપવામાં આવે છે. આ યોજનામાં આવકમર્યાદા નથી. અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકો માટે રાજય સરકારે નવી યોજના અમલમાં મૂકી છે જેમાં વકીલાતની તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તે મુજબ પ્રથમ વર્ષે પ્રતિ માસ રૂા.૧૦૦૦, બીજા વર્ષે પ્રતિ માસ રૂા.૮૦૦ અને ત્રીજા વર્ષે પ્રતિ માસ રૂા.૬૦૦ની સહાય આપવામાં આવે છે. જે સિનિયર વકીલ તાલીમ આપે તેમને પ્રતિ માસ રૂા.૫૦૦ એલાવન્સ (ત્રણ વર્ષ માટે) આપવામાં આવે છે. આ યોજનામાં આવકમર્યાદા નથી.

### નાના વ્યવસાયકારો માટે ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના

અનુસૂચિત જાતિની વ્યક્તિઓ કે જેઓ રાષ્ટ્રીયકૃત બેંકો, તમામ પ્રાદેશિક ગ્રામિણ બેંકો, સહકારી બેંકો, પબ્લિક સેકટર બેંકો, ખાનગી બેંકો પાસેથી વધુમાં વધુ રૂા. ૧૦ લાખની લોન મેળવે તો તે લોન ઉપર ૪ ટકા સુધીનું વ્યાજ લાભાર્થી પોતે ભોગવે અને ૪ ટકાથી વધુના વ્યાજ માટે સરકારશ્રી મારફતે ત્રણ વર્ષ સુધી ચુકવાય છે, રૂા.૧૫,૦૦૦ની સબસિડી પણ આપવામાં આવે છે. રીઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલાં વ્યાજનો દર બેંકો દ્વારા વસુલ કરવામાં આવે છે.

### ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

ભારતના બંધારણના આમુખમાં સર્વ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય પ્રાપ્ત કરાવવા તથા વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરનારી બંધુત્ત્વભાવના વધારવાનું વચન આપવામાં આવ્યું છે. આ ઉદ્દેશ પરિપૂર્ણ કરવા ગુજરાતમાં ૧૯૭૫થી અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રચના કરી છે. આર્થિક-ઉત્કર્ષની બેન્કેબલ યોજના, સ્વરોજગારી સહાયની યોજનાનો અમલ નિગમ દ્વારા કરવામાં આવે છે.

### ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

ગુજરાત સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત, રાજયમાં વસેલા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને તેમના પરંપરાગત, અમાનવીય, ગુલામી, ગરીબીવાળા અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ અપાવીને અન્ય સ્વચ્છ વ્યવસાય તરફ વાળવા માટે અને તેઓને આર્થિક રીતે પગભર કરવા માટે જરૂરી લોન-ધિરાણ / સહાય પૂરી પાડવા, પુનઃ સ્થાપન કરવા આ નિગમની તા.૦૧/૧૧/૨૦૦૧થી રચના કરી છે.

### ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા)

સમગ્ર દેશમાં ગુજરાત જ માત્ર એવું રાજય છે જયાં અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તૂરી, ગરો, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તૂરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના વિકાસ માટે ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)ની રચના કરવામાં આવી છે.

### સંતશ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના (હાઈસ્કીલ અપગ્રેડેશન)

વર્ષ ૨૦૧૦-૧૧ થી આ યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓને આઈ.ટી. મેનેજમેન્ટ તથા વાણિજ્ય ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ આપી નોકરી મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

### ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય

અનુસૂચિત જાતિ અને સવર્ણ હિન્દુ વચ્ચે ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે રૂા.૫૦,૦૦૦ સહાય આપવામાં આવે છે, જેમાં રૂા.૨૫,૦૦૦ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂા.૨૫,૦૦૦ ઘરવખરી ખરીદવા સહાય આપવામાં આવે છે. જેમાં વાર્ષિક આવકમર્યાદા નથી.

### કુંવરબાઈના મામેરાની યોજના

અનુસૂચિત જાતિની પુખ્તવયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈના મામેરાની યોજના હેઠળ રૂા. ૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્યવિસ્તારમાં રૂા. ૪૭૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂા.૬૮૦૦૦ છે.

### માઈ રમાબાઈ સાત ફેરા સમૂહ લગ્ન યોજના

અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગરૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલ દીઠ રૂા.૧૦,૦૦૦ની સહાય તથા સમૂહ લગ્નોનું આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ રૂા.૨૦૦૦ની સહાય વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦ આપવામાં આવે છે.

# આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

### મફત તબીબી સહાય

અનુસૂચિત જાતિના દર્દીઓને આ યોજના મુજબ મફત તબીબી સહાય આપવામાં આવે છે. ટી.બી., જેવા દર્દો માટે પ્રતિ માસ રૂા. ૫૦૦, દર્દ મટે નહી ત્યાં સુધી, કેન્સર માટે પ્રતિ માસ રૂા. ૧૦૦૦ દર્દ મટે ત્યાં સુધી, રકતપિત માટે પ્રતિ માસ રૂા. ૮૦૦ દર્દ મટે ત્યાં સુધી, પાંડુરોગના કેસોમાં રૂા.૧૫૦ કેસ દીઠ, તેમજ એચ.આઇ.વી એઇડ્સ રોગ માટે પ્રતિ માસ રૂા.૫૦૦ દર્દ મટે ત્યાં સુધી આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦ છે. આ યોજનાનો અમલ વર્ષ ૨૦૧૬-૧૭ થી કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સહાય દ્વારા થાય છે.

### ડૉ.આંબેડકર આવાસ યોજના

અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ કુટુંબો કે જેઓ પાસે રહેવા લાયક ઘર/મકાન ન હોય, પોતાનું જર્જરિત મકાન ધરાવતા હોય, પોતાનો ખુલ્લો પ્લોટ હોય તેવા ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૭૦,૦૦૦ સહાય આપવામાં આવે છે. જયારે શહેરી વિસ્તારમાં રૂા.૪૫૦૦૦ સહાય આપવામાં આવે છે. ઉપરાંત, રૂા.૨૨૦૦ ટોયલેટ બ્લોક માટે સહાય આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦ છે.

### પૂ.સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના

અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ એવી હિન્દુ ગરો – બ્રાહ્મણના યુવાનોને ૧૬ સંસ્કારના કર્મકાંડની તાલીમ આપવામાં આવે છે.

### સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય

કફન કાઠી સહાય પેટે રૂા. ૫૦૦૦ની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦ છે.

### ડૉ.આંબેડકર ભવન

ભારતના બંધારણના ઘડવૈયા અને "ભારતરત્ન" ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૨૨ જિલ્લાઓમાં ભવનોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યાં છે. જેમાં સુરત ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને વડોદરા ખાતે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બંધાયેલ ભવનોનો સમાવેશ થાય છે. સને ૧૯૯૨ થી ૨૦૧૭ સુધીમાં રાજયના કુલ ૨૦ જિલ્લાઓમાં ૧. ગાંધીનગર ખાતે રાજય કક્ષાનું રૂા.૬૫.૦૦ લાખના ખર્ચે ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનનું નિર્માણ કરી લોકોપયોગમાં મુકવામાં આવ્યું છે. ૨. મહેસાણા ૩. પાટણ ૪. પાલનપુર ૫. પોરબંદર ૬. રાજકોટ ૭. જામનગર ૮. જૂનાગઢ ૯. સુરેન્દ્રનગર ૧૦. ભાવનગર ૧૧. અમરેલી ૧૨. વલસાડ ૧૩. ભૂજ ૧૪. હિંમતનગર ૧૫. આણંદ ૧૬. ભરૂચ ૧૭. નવસારી ૧૮.રાજપીપળા ૧૯. આહવાના ભવનો પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવ્યા છે. ૨૦. ડૉ.આંબેડકર નેશનલ ફાઉન્ડેશન, અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના સિદ્ધાંતો અને મૂલ્યોના પ્રચાર/પ્રસાર માટે રૂા.૧૦ કરોડના ખર્ચે રાષ્ટ્રીય સ્મારક બનાવવાનું આયોજન છે. આ પૈકી ઓપન એર થિયેટર, લાઈબ્રેરી અને મ્યુઝિયમ તથા સેવા સદનના બાંધકામ પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવ્યા છે. રાજ્યની કુલ ૦૯ પૈકી ૦૫ (પાંચ) યુનિવર્સિટીમાં 'ડૉ. આંબેડકર ચેર' ઉભી કરવાની વહીવટી મંજૂરી મળેલી છે.

### અત્યાચારોના બનાવોમાં નાણાંકીય સહાય

ખૂન, કાયમી અશકતતા, ગંભીર ઇજા, બળાત્કાર, જેવા બનાવોમાં આંશિક કે કાયમી ભોગ બનનાર અનુસૂચિત જાતિના ઇસમોને નીચે મુજબની અત્યાચાર સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સહાય |
|---|---|---|
| ૧ | ખૂન/મૃત્યુ | કમાઉ/ બિન કમાઉ રૂા.૮.૨૫ લાખ |
| ૨ | કાયમી અશકતતા | ૧૦૦ ટકા અશકતતા રૂા. ૮.૨૫ લાખ<br>૫૧-૯૯ ટકા અશકતતા ઓછી રૂા.૪.૫૦ લાખ<br>૫૦ ટકાથી ઓછી અશકતતા રૂા.૨.૫૦ લાખ |
| ૩ | બળાત્કાર | રૂા. ૫.૦૦ લાખ |
| ૪ | ઇજા | રૂા.૧.૦૦ લાખ |

ડાંગ સિવાયના જિલ્લાઓમાં ૨૨ સ્પેશ્યલ કોર્ટ કાર્યરત છે.

અત્યાચારના ગંભીર કેસોમાં સરકારી વકીલની સાથે ખાનગી વકીલ રાખવાની સહાય આપવાની યોજના તા.૧૬/૦૫/૨૦૧૩ થી અમલમાં છે.

## એવોર્ડ

**ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ (રૂા. ૨.૦૦ લાખ)**

અનુસૂચિત જાતિ સમેત સમાજના નબળા વર્ગોના ઉત્કર્ષ માટે તથા સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યકિતને "ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ" આપવામાં આવે છે. જેમાં રૂા. ૨.૦૦ લાખનો એવોર્ડ, પ્રશંસાપત્ર અને શાલ ઓઢાડી રાજય સરકાર દ્વારા સન્માનવામાં આવે છે.

**મહાત્મા ગાંધી એવોર્ડ (રૂા. ૨.૦૦ લાખ)**

પૂજય મહાત્મા ગાંધીજીના આદર્શો અને મૂલ્યો તથા ગાંધીવાદી વિચારસરણી દ્વારા અનુસૂચિત જાતિ સમેત પછાતવર્ગોના વિકાસ માટે મહત્ત્વનું યોગદાન આપનાર અને અનુસૂચિત જાતિ માટે કાર્ય કરતી સંસ્થાને રાજય સરકાર તરફથી "મહાત્મા ગાંધી એવોર્ડ" આપવામાં આવે છે.

**સંત શ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ (રૂા. ૧.૦૦ લાખ)**

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર દલિત વર્ગોના શોષણ દમન, પીડા, વિદ્રોહ, સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યકત કરી આ વર્ગોમાં માનવ ગરિમા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટ કરતા સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિના સાહિત્યકારોને સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ આપવામાં આવે છે.

**સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ (રૂા.૧.૦૦ લાખ)**

અનુસૂચિત જાતિની મહિલા લેખિકાને દલિત સાહિત્ય માટે તેમજ હસ્તકલા કારીગર મહિલાને કલા માટે રૂા.૧.૦૦ લાખનો એવોર્ડ આપવામાં આવે છે. પ્રશંસાપત્ર અને શાલ ઓઢાડી રાજય સરકાર દ્વારા સન્માનવામાં આવે છે.

**"દાસી જીવણ" શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ (રૂા.૫૦,૦૦૦)**

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર દલિતવર્ગના શોષણ, દમન, પીડા, સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યકત કરી આ વર્ગોમાં તેઓના અધિકારો માટે જાગૃતિ લાવવી અને દલિતોમાં અસ્મિતા અને સમરસતા પ્રગટ કરવા માટે દલિત સાહિત્યકારો પોતાના લેખો, નવલકથા, કવિતાઓ, સાહિત્યલેખો વગેરેના પ્રકાશન દ્વારા પ્રયત્નો કરતા કવિઓ અને લેખકોને પ્રેરણા મળે તે માટે આવા સાહિત્ય પૈકી સર્વશ્રેષ્ઠ સાહિત્યકૃતિને રૂા. ૫૦,૦૦૦ ના "દાસી જીવણ" એવોર્ડ દ્વારા પુરસ્કૃત કરવામાં આવે છે.

**મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ (રૂા. ૫૦,૦૦૦)**

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર દલિતવર્ગોના શોષણ, દમન, પીડા, વિદ્રોહ, સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યકત કરી આ વર્ગોમાં તેમના અધિકારો માટે જાગૃતિ લાવવા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી દલિતોમાં અસ્મિતા પ્રગટ કરતાં તેમજ દલિત સમાજ ઉપર થતા અત્યાચારો, તેઓના પ્રશ્નો, સમસ્યાઓ વગેરે બાબતે દૈનિક, અઠવાડિક, પાક્ષિક કે માસિક જેવા સામયિકોના માધ્યમ દ્વારા પ્રજા સમક્ષ રજૂ કરતા દલિત પત્રકારોને "મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર" એવોર્ડ આપવામાં આવે છે



## વર્ષ ૨૦૧૭-૧૮ની મંજૂર થયેલ નવી બાબતો

- ૧૦ નવા સરકારી છાત્રાલયો કુમાર માટે પાંચ (બોટાદ, વેરાવળ, પોરબંદર, ભરૂચ, લુણાવાળા) અને કન્યા માટે પાંચ (બોટાદ, વેરાવળ, દાહોદ, મોડાસા, નડિયાદ) ખાતે શરૂ કરવામાં આવશે.
- કડી અને ગાંધીનગર ખાતે સરકારી કુમાર છાત્રાલયના નવા મકાનનું બાંધકામ કરવામાં આવશે.
- લુણાવાડા જિલ્લો મહીસાગરના સરકારી કન્યા છાત્રાલયના મકાનનું બાંધકામ કરવામાં આવશે.
- આદર્શ નિવાસી શાળા, કચ્છ જિલ્લામાં મુદ્રા, લખપત, જિ.કચ્છ (કુમાર), મોરબી (કન્યા), પોરબંદર (કુમાર), ખાતે સામાન્ય પ્રવાહ ધોરણ-૯-૧૨ ના વર્ગ માટે રૂ.૧૩૯.૪૪ લાખ તથા (કન્યા- અ.જા) ભૂજ-કચ્છ ખાતે સામાન્ય પ્રવાહ ધોરણ-૯ નો વર્ગ વધારો આપવા રૂ.૧૭.૦૮ લાખની જોગવાઈ કરવામાંઆવી છે.
- વર્ગ-૧,૨,૩ની ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા કોચિંગ સેન્ટર/વર્ગો શરૂ કરાશે અને એક કેન્દ્ર દીઠ રૂ.૨ લાખના ખર્ચ સાથે ૨૫ કેન્દ્ર શરૂ કરાશે.
- બોટાદ તથા છોટા ઉદેપુર ખાતે ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ કરાશે.
- ડૉ.આંબેડકર ફાઉન્ડેશન, અમદાવાદ ખાતે ઇ-લાયબ્રેરી અને મલ્ટીમીડિયા બનાવવાની બીજા ફેઝની કામગીરી કરાશે.
- અનુસૂચિત જાતિના કુંટુંબના ફક્ત એક જ દિકરીના બદલે હવે ૨(બે) દિકરીઓના લગ્નપ્રસંગે, હાલની સહાય રૂ.૧૦૦૦૦ આપવામાં છે. તેના બદલે રૂ.૨,૦૦૦નો વધારો કરીને રૂ.૧૨,૦૦૦ સહાય આપવામાં આવશે.(૮,૦૦૦ લાભાર્થી)
- અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારો સામે અપાતી નાણાકિય સહાયના દરોમાં વધારો કરવામાં આવશે.
- ખૂનના બનાવમાં રૂ.૮.૨૫ લાખ, મહાવ્યથાના બનાવમાં રૂ.૪.૦૦ લાખ, બળાત્કારના બનાવમાં રૂ.૫.૦૦ લાખ અને અન્ય બનાવમાં રૂ.૧.૦૦ લાખની સહાય આપવામાં આવશે.
- અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારોના કેસોમાં કન્વેક્શન રેટના વધારા માટે ખાનગી વકીલ રાખવા માટેની ફીમાં વધારો કરવામાં આવ્યો છે. ખૂનના કેસમાં રૂ.૫૦,૦૦૦ને બદલે રૂ.૭૫,૦૦૦ હજાર અને બળાત્કાર, મહાવ્યથાના કેસમાં રૂ.૨૫,૦૦૦ને બદલે રૂ.૩૭,૫૦૦ની સહાય આપવામાં આવશે.



**સંવેદનશીલ, પ્રગતિશીલ, પારદર્શક, નિર્ણાયક સરકાર**